Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

# સામાજીક વિજ્ઞાનોમાં જ્ઞાન પ્રાપ્તીની સમસ્યા

**(Problems of knowledge acquiring in Social Science)**

**સુભાષ વી. વિરોલા***

માનવીની ઉત્પત્તિની સાથે જ, માનવ જીવન વિશેની જાણકારી મેળવવાની મથામણ થતી રહી છે. માનવીની ઉત્પત્તિથી વર્તમાન સુધી માનવ જીવન, અન્ય પશુ પક્ષીના જીવન તેમજ પ્રકૃતિના તત્વો વિશે માહિતી કે જ્ઞાન મેળવવાના પ્રયત્નો થતા રહ્યાં છે આ માહીતી કે જ્ઞાન મેળવવાના પ્રયત્નો થતા રહ્યાં છેય આ માહીતી કે જ્ઞાન મેળવવા માટેની પદ્ધતિઓ માટેની પણ સતત મથામણો કે સંઘર્ષ થતાં રહ્યાં છે

કયું જ્ઞાન વધુ આધારભૂત આ પ્રશ્નનો ઉત્તર મેળવવાની પ્રક્રિયામાંથી વૈજ્ઞાનિક જ્ઞાન જેવી જ્ઞાનની પદ્ધતિનો ઉદ્દભવ અને વિકાસ થયો. સામાન્ય જ્ઞાન અને વૈજ્ઞાનિક જ્ઞાન વચ્ચેના ભેદ પાડવામાં આવ્યાં. જ્ઞાન મેળવવાની કે સર્જન કરવાની રીત કે પદ્ધતિને આધાર બનાવી, વૈજ્ઞાનિક જ્ઞાન વધુ આધારભૂત એવો ખ્યાલ વિકસાવવામાં આવ્યો

---

*Subhash V. Virola,Associate Prof.Dept. of Sociology,Anand Arts College,Anand(Gujarat)

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

કુદરતી પરિબળોના સંદર્ભમાં જ્ઞાન પ્રાપ્તિ માટે પ્રયોગશાળા આધારિત ચકાસેલા જ્ઞાનને, વૈજ્ઞાનિક જ્ઞાન તરીકે સ્વીકારવામાં આવ્યું ઉત્કલપના, માહિતીનું એકત્રીકરણ, વર્ગીકરણ, ચકાસણી અને સિદ્ધાંતની રચના જેવી પદ્ધતિઓ ઉદ્દભવ અને વિકાસ પામી માનવજીવન પ્રયોગશાળાઓમાં કેન્દ્રીત કરી શકાતું ન હોય તેના માટે અલગ પદ્ધતિનો ઉદ્દભવ અને વિકાસ થયો. જેને સામાજીક વિજ્ઞાનો તરીકે સ્થાપિત કરવામાં આવ્યાં. જેમાંથી સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઈતિહાસ, રાજ્યશાસ્ત્ર, માનવશાસ્ત્ર જેવા વિવિધ સામાજીક વિજ્ઞાનનો ઉદ્દભવ અને વિકાસ થયો.

આ સામાજીક વિજ્ઞાનોમાં જ્ઞાન મેળવવાની મથામણો ભૌગોલિક કે પ્રાકૃતિક વિજ્ઞાનો કરતાં વધુ જટીલ બની. કારણ કે, ભૌગોલિક કે પ્રાકૃતિક વિજ્ઞાનોમાં વિષયવસ્તુ સ્થુળતા ધરાવે છે. તેની પ્રયોગશાળામાં ચકાસણી કરી શકાય છે. જ્યારે માનવ જીવનને પ્રયોગશાળામાં સ્થિર કરી શકાતું નથી આ સ્થિતિમાં માનવજીવન વિશે જ્ઞાન મેળવવાની બાબત વૈચારિક સંઘર્ષ સર્જીશકે છે. કયું જ્ઞાન વધુ આધારભૂત? કેવી રીતે મેળવેલું જ્ઞાન વધુ આધારભૂત?જેને સામાજીક વિજ્ઞાનો તરીકે સ્થાપિત કરવામાં આવે છે. તેવા વિષયોમાં મેળવેલું જ્ઞાન કેવું હોવું જોઈએ?

નાગેલ અર્નેસ્ટ (1934) નોંધે છે કે, વખતો વખતની ચર્ચાઓ, સેમીનારો, પુસ્તકો કે અન્ય લખાણોમાં “વૈજ્ઞાનિક જ્ઞાન” ઉપર ભાર મૂકવામાં આવે છે ઉપકલ્પના, માહીતીનું

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

એકત્રીકરણ, ચકાસણી, વર્ગીકરણ અને સિદ્ધાંતની રચના દ્વારા મેળવેલું જ્ઞાન જ વૈજ્ઞાનિક જ્ઞાન કહેવાય. એ જ આધારભૂત જ્ઞાન કહેવાય, એવી વિચારસરણી જાણતા – અજાણતા દૃઢ કરવામાં આવી. પરંતુ શું આવું જ્ઞાન જ આધારભૂત છે? આવા જ્ઞાનનો સમાવેશ જ સામાજીક વિજ્ઞાનોમાં થઈ શકે ? શું આવી રીતે મેળવેલું જ્ઞાન જ વૈજ્ઞાનિક જ્ઞાન બની શકે?

આવી કોઈ વિશિષ્ટ પદ્ધતિ વિના જ, માનવ જીવનમાં સ્વાભાવિક, રોજ-બરોજના અનુભવો દ્વારા મેળવેલું જ્ઞાન શું આધારભૂત ન ગણી શકાય?

મૂળ પ્રશ્ન તો એ જ છે કે, કયું જ્ઞાન વધુ આધારભૂત ગણી શકાય? કયું જ્ઞાન માનવજીવનની વાસ્તવિકતાને વધુ સારી રીતે રજુ કરે છે?

ગુડ અને હાટ જણાવે છે કે, સામાજીક વિજ્ઞાનો તરીકે સ્થાપિત થયેલા વિજ્ઞાનોમાં જોવા મળતાં જ્ઞાનને, તપાસીએ તો, એમાં પણ વૈજ્ઞાનિક પદ્ધતિઓ કરતાં સામાન્ય અનુભવો કે તાર્કીકતા દ્વારા મેળવેલા જ્ઞાનનો સમાવેશ વધુ થયેલો જોવા મળે છે રોજબરોજના અનુભવો કે ફિલોસોફીકલ જ્ઞાન, માનવ જીવનને વધુ વાસ્તવિક રીતે સમજવામાં વધુ ઉપયોગી બનતું હોય એમ જોવા મળે છે.

વૈજ્ઞાનિક જ્ઞાન અને તેમાં પણ સામાજીક વિજ્ઞાનોમાં કોઈ એક ઉપકલ્પના બાંધી, નિશ્ચિત પરિણામના સંદર્ભમાં જ્ઞાન મેળવવાની બાબત શંકાસ્પદ બની જાય છે પરિણામે ઘણી વખત

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

સામાજીક વિજ્ઞાનોના સિદ્ધાંતો વાસ્તવમાં અસ્તિત્વ ધરાવતાં ન હોય એવું પણ બને છે. જેમ કે, આર્થશાસ્ત્રમાં કિંમત નિર્ધારણના સિદ્ધાંતમાં માંગ અને પુરવઠાનો ખ્યાલ આપવામાં આવ્યો છે પુરવઠો વધુ હોય અને માંગ ઓછી હોય તો કિંમત ઘટે. તે જ રીતે પુરવઠો ઓછો હોય અને માંગ વધુ હોય તો કિંમત વધે પરંતુ આ સિદ્ધાંતમાં પણ જો અન્ય પરિબળો યથાવત રહે તો નામની મોટી મર્યાદા પણ જોવા મળે છે. અર્થશાસ્ત્રનો આ સિદ્ધાંત વાસ્તિવક જીવનમાં ઘણી વખત અસ્તિત્વમાં જોવા મળતો નથી.

આવું જ સમાજશાસ્ત્રમાં શહેરીકરણ અને ગુનાખોરી વચ્ચે સંબંધ સ્થાપિત કરતાં સિદ્ધાંતો વિકસેલા જોવા મળે છે. પરંતુ દુનિયામાં બધે સ્થળે જ્યાં શહેરીકરણ થયું છે ત્યાં ગુનાખોરી સરખી માત્રામાં વિકસી હોય તેમ બન્યું નથી ગુનાખોરીના આંકડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ આંકડાકીય માહીતીને આધારે જોવામાં આવે છે ગામડામાં સંયુક્ત કુટુંબ જ્ઞાતિ, ગ્રામપંચ જેવી વ્યવસ્થાઓ જોવા મળે છે. જે ગુનાહિત વર્તનના સંદર્ભમાં સમાયોજન કે સજા કરવાનું કાર્ય કરે છે. જેથી પોલીસ ફરિયાદ ન થતાં, શહેરોની તુલનામાં ગુનાખોરીના આંકડા ગામડામાં ઓછા દ્રશ્યમાન થાય છે.

આમ, સામાજીક વિજ્ઞાનોમાં જોવા મળતાં “વૈજ્ઞાનિક જ્ઞાન”ની વિશ્વસનીયતા કે આધારભૂતના પ્રશ્નો જોવા મળે છે સામાજીક વૈજ્ઞાનિકો પણ “વૈજ્ઞાનિક જ્ઞાન” કે રોજબરોજના

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

અનુભવજન્ય જ્ઞાન કે તાર્કીક જ્ઞાન બાબતે પૂર્ણતઃસ્પષ્ટતા ધરાવતા નથી કે વિરોધાભાષી ખ્યાલો ધરાવે છે.

સામાજીક વિજ્ઞાનીઓ, વૈજ્ઞાનિક જ્ઞાન જ હોવું જોઈએ એવી માન્યતા ધરાવે છે તેઓ પણ સામાજીક વિજ્ઞાનોમાં જોવા મળતાં, અનેક એવી બાબતોના જ્ઞાનનો સ્વીકાર કરે છે કે જે “વૈજ્ઞાનિક જ્ઞાન”નીવ્યાખ્યામાં બંધ બેસતું નથી

ઉદાહરણ તરીકે કાર્લ માર્કસ નામના વિદ્વાને અનેક વિષયોના સંદર્ભમાં પોતાનું જ્ઞાન પ્રસ્તુત કર્યું છે વર્ગ સંઘર્ષ, અધિશેષ મૂલ્યનો સિદ્ધાંત વગેરે. આ જ્ઞાન સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર જેવા અનેક સામાજીક વિજ્ઞાનોમાં અસ્તિત્વ ધરાવે છે જુદા જુદાં સિદ્ધાંતોના સ્વરૂપમાં પણ તેમનાં જ્ઞાનને જોવામાં આવે છે પરંતુ કાર્લ માર્કસ કોઈ વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા જ્ઞાન શોધ્યું હોય તેમ જોવા મળતું નથી તેમનું જ્ઞાન મોટા ભાગે રોજબરોજના અનુભવો કે તાર્કીકતા ઉપર રચાયેલું જોવા મળે છે તેમ છતાં વધુ આધારભૂત જોવા મળે છે તેનો સમાવેશ સામાજીક વિજ્ઞાનોમાં કરવામાં આવેલો જોવા મળે છે

આ જ રીતે માનવજીવનની ઉત્પત્તિ અને શરૂઆતના તબક્કાઓ વિશેનું જ્ઞાન “વૈજ્ઞાનિક પદ્ધતિ” દ્વારા શોધાયેલું જોવા મળતું નથી પરંતુ કેટલીક ગૌણ માહીતીઓ કે તાર્કીકતા ઉપર રચાયેલું જોવા મળે છે છતાં પણ મોટા ભાગના સામાજીકવિજ્ઞાનોમાં તેનો સમાવેશ થયેલો જોવા મળે છે. જેમ કે સમાજશાસ્ત્રમાં શરૂઆતનું કુટુંબ લગ્ન ધર્મ જેવી સંસ્થાઓ કેવા સ્વરૂપની

ISSN NO: 2395-339X

હતી? તેના વિશેના અનેક વિદ્વાનોના ઉલ્લેખ જોવા મળે છે. આ બધું "વૈજ્ઞાનિક જ્ઞાન"ની વ્યાખ્યા મુજબ જોવા મળતું નથી પરંતુ તાર્કીકતા કે કલ્પના આધારિત જોવા મળે છે જેમકે આવું હશે, માટે આવું હશે ના સંદર્ભમાં જ્ઞાનનોઉલ્લેખ જોવા મળે છે.

ગુડ અને હાટ (1953) જણાવે છે કે એકબાજુ સામાજીક વિજ્ઞાનોમાં આવા તાર્કીક કલ્પના કે રોજબરોજના અનુભવો પર આધારિત રચાયેલા અનેક પ્રકારના જ્ઞાનનો સમાવેશ થયેલો જોવા મળે છે. બીજી બાજુ સામાજિક વૈજ્ઞાનિકો એમ પણ રજુઆત કરે છે કે,"વૈજ્ઞાનિક" પદ્ધતિ દ્વારા શોધાયેલું જ્ઞાન જ સામાજીક વિજ્ઞાનોમાં સમાવિષ્ટ થઈ શકે એવું જ જ્ઞાન આધારભૂત માની શકાય

અંહી બીજો પ્રશ્ન એ પણ ઉભો થાય છે કે,શું સામાજીક વિજ્ઞાનમાં "વૈજ્ઞાનિક પદ્ધતિ" દ્વારા શોધાયેલું જ્ઞાન આધારભૂત ગણી શકાય?પ્રશ્નાવલી, મુલાકાત, ગ્રંથાલય, ક્ષેત્રકાર્ય, એકમ તપાસ જેવી વિવિધ પદ્ધતિઓ દ્વારા મેળવેલું જ્ઞાન શું આધારભૂત હોય છે?

ઉ.દા. તરીકે ઈતિહાસ, વિષયમાં કોઈ ભૂતકાળની વ્યક્તિ કે ઘટના વિશે જ્ઞાન શોધવામાં આવે છે. ત્યારે ગ્રંથાલયનો ઉપયોગ કરી તેના વિશે લખાયેલા લખાણોનો ઉપયોગ કરવામાં આવે છે. આવા લખાણો મોટે ભાગે લખનારના અંગત દ્રષ્ટિકોણ દ્વારા લખાયેલા હોય છે. તેને કેટલા આધારભૂત વાસ્તવિક માની શકાય?

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

તે જ રીતે સામાજીક વિજ્ઞાનોમાં ઉપકલ્પનાની રચના, પ્રશ્નો અને ઉત્તરદાતાના જવાબો – સંશોધનમાં ખૂબ જ મહત્વના છે. સંશોધકો દ્વારા રચાતી ઉપકલ્પના, પ્રશ્નો કે ઉત્તરદાતાના જવાબોમાં તેમની સમજણ, ગમા-અણગમા, પૂર્વગ્રહો અગત્યનો ભાગ ભજવે છે તે જ રીતે કેટલાક મોટા પાયાના સંશોધનોમાં સંશોધકો સહાયક સંશોધકોની મદદથી સંશોધન કરતા જોવા મળે છે. સંશોધનમાં ઉત્તરદાતાના પ્રશ્નોના ઉત્તરોની સાથે તેમની શારીરિક મુદ્રાઓ મહત્વની હોય છે. જેનું નિરિક્ષણ યોગ્ય રીતે થાય તે જરૂરી છે. પંરતુ સંશોધન કાર્યકર(મદદનીશ) દ્વારા સંશોધન થતું હોય, મૂળ સંશોધક આવી બાબતોથી અજાણ રહી જાય છે સંશોધન કાર્યકર (મદદનીશ) ને કાર્ય પુરું કરવામાં રસ હોય શકે આવા સંજોગોમાં જ્ઞાનની આધારભૂતતાના પ્રશ્નો ઊભા થઈ શકે.

સામાજીક વૈજ્ઞાનિકો આ પ્રશ્નના જવાબમાં, એમ કહી શકે કે, આ તો સામાજીક વિજ્ઞાનોની મર્યાદાઓ છે. માનવના અભ્યાસમાં આવી મર્યાદાઓ જોવા મળે છે. તો પ્રશ્ન એ થાય છે કે, જ્ઞાન અનેક મર્યાદાઓ ધરાવતું હોય, મર્યાદાઓથી જ જ્ઞાન શોધવાની શરૂઆત થઈ હોય, એવા જ્ઞાનને આધારભૂત માની શકાય?

સમાચારપત્રો, મેગેઝીનો કે અન્ય સ્થાને લખાતા લખાણોમાં વૈજ્ઞાનિક જ્ઞાનકરતાં રોજ – બરોજના અનુભવજન્ય જ્ઞાન કે માહીતીને આધારે લખાય છે. તેમ છતાં પણ તેનો વાચક વર્ગ આટલો વિશાળ કેમ છે ? કારણ કે, આ લખાણો માનવજીવનને વધુ વાસ્તવિક રીતે રજુ કરે છે.

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

એવો અનુભવ વાચકોને થતો જોવા મળે છે. જ્યારે સામાજીક વૈજ્ઞાનિકો માનવજીવનને વધુ વાસ્તવિક રીતે રજુ કરવાને બદલે પદ્ધતિઓમાં અટવાયેલા, ખોવાયેલા કે ગુંચવાયેલા જોવા મળે છે.

સંદર્ભ –

1 Nagel, Ernest: The Structure of Science, (1961) New York
2 Goode &Hatte : Methods in Social Social Research (1953), New York
3 Nagel, Ernest : An Introduction to Logic & Scientific Method (1934) (With Morris R. Cohen)